
# માતૃભાષા શિક્ષણનું મહત્વ

- પ્રત્યાયનનું માધ્યમ
- મુક્ત અને સ્પષ્ટ અભિવ્યક્તિ માટે
- સામાજિક અને સાંસ્કૃતિક વારસાની ચાવી
- શિક્ષણના માધ્યમ તરીકે
- અન્ય વિષયના પાયા તરીકે




# માતૃભાષા શિક્ષણના સામાન્ય હેતુઓ

વિદ્યાર્થીઓ.........

- ભાષા અને સાહિત્યની વિવિધ બાબતોનું જ્ઞાન મેળવે.
- શ્રવણ દ્વારા અર્થગ્રહણ કરે.
- કથન દ્વારા અભિવ્યક્તિ કરે.
- વાચન દ્વારા અર્થગ્રહણ કરે
- લેખન દ્વારા અભિવ્યક્તિ કરે
- વ્યાકરણના જ્ઞાનનો ઉપયોગ કરે.
- સાહિત્યના વિવિધ પ્રકારોમાં રસ લે.

# ભાષાનાં કૌશલ્યો


કૌશલ્ય
અર્થગ્રહણ
Type title here
Type namઅભિવ્યક્તિe here
Type title here
શ્રવણ
વાચન
કથન
લેખન

# શ્રવણ કૌશલ્ય

- સાંભળવું + અર્થગ્રહણ = શ્રવણ ( અર્થગ્રહણ સાથે સાંભળવું એટલે શ્રવણ )
- મહત્ત્વ :- - રોજિંદા વ્યવહારમાં - શિક્ષણ મેળવવા માટે

  - કથન , વાચન અને લેખન કૌશલ્યનો પાયો

  - શુદ્ધ ઉચ્ચાર શીખવા માટે

  - જ્ઞાન કે માહિતી મેળવવા
- શ્રવણ કૌશલ્ય વિકસાવતાં પૂર્વે બાળકના વય, કક્ષા, ક્ષમતા, પર્યાવરણ વગેરેને ધ્યાનમાં રાખવાં
- શ્રવણ કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ ;- -

  બાળક સામે એવા પ્રસંગો ઊભા કરો કે જેથી બાળકને સાંભળવું પડે - મૂલ્યાંકન પણ કરતાં રહો કે કેટલું અર્થગ્રહણ થયું

  - વાતચીત – વાર્તાકથન - કાવ્યગાન – પ્રસંગવર્ણન – નાટક - વિવિધ રમતો – વક્તવ્ય -ચર્ચા......

# કથન કૌશલ્ય ( મૌખિક અભિવ્યક્તિ)

- અર્થ ;- વ્યક્તિ પોતાના વિચારોને શુદ્ધ ભાષામાં અને યોગ્ય રીતે વાણી દ્વારા રજૂ કરે તે.
- મહત્વ ;- રોજિંદા જીવનમાં વ્યવહાર માટે – વ્યક્તિત્ત્વ ખિલવવા – પોતાના વિચારો અન્યને જણાવવા - શિક્ષક,વકિલ,દાકતર જેવા વ્યવસાય માટે ખાસ – અનુકૂલન સાધવા
- ઘટકો ; - સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચાર - ગતિ અને સુશ્રાવ્યતા
  - વિરામચિહ્ન અને સ્વરભાર - ક્રમિકતા અને શબ્દોની પસંદગી - માધુર્ય
- અસર કરતાં પરિબળો ;-
  - શારીરિક કારણો - માનસિક કારણો - વાતાવરણ - પ્રાદેશિકતા
  - પરિસ્થિતિજન્ય કારણો - મનોવૈજ્ઞાનિક કારણો
- કૌશલ્ય વિકસાવવાની પ્રર્વત્તિઓ :-
  - વાતચીત - વાર્તાકથન - પ્રસંગવર્ણન - નાટક - એકપાત્રીય અભિનય
  - ચર્ચા - પરિસંવાદ વક્તૃત્વ સ્પર્ધા - પ્રાર્થનાસભા - વર્ગશિક્ષણમાં ચર્ચા
  - ડાયરો અને કવિ મુશાયરો - પ્રશ્નોત્તરી
- રમતો :-
  - અંત્યાક્ષરી - ચિત્ર વર્ણન
  - એક મિનિટમાં આટલું બોલો
  - વાર્તાપૂર્તિ

# વાચન કૌશલ્ય

## <u>પ્રકાર</u>

| | |
|---|---|
| • મુખવાચન<br>• મૂકવાચન | • ઇતરવાચન<br>• શિષ્ટવાચન<br>• પૂરકવાચન<br>• વિશેષવાચન |
| • માહિતીલક્ષી<br>• વિવેચનાત્મક<br>• સર્જનાત્મક | |

# વાચનનું મહત્ત્વ

- રોજિંદા વ્યવહારમાં
- જ્ઞાન, માહિતી મેળવવા
- મનોરંજન મેળવવા
- વ્યક્તિગત વિકાસ સાધવા
- પોતાના ધંધામાં સફળતા મેળવવા
- શિક્ષક,પત્રકાર,વકીલ જેવા વ્યવસાયમાં
- સાહિત્યનો આનંદ મેળવવા
- ફુરસદના સમયનો સદ્ઉપયોગ કરવા

...

# મુખવાચનમાં થતા દોષ -કારણો-ઉપાયો

- દોષ :- શબ્દોને ઓળખવામાં મુશ્કેલી


| કારણ | ઉપાય |
|---|---|
| - દૃષ્ટિ | ચશ્મા કે દાકતરની સલાહ |
| - ખામીભરી વાચન સામગ્રી | વિષયવસ્તુ કક્ષામુજબ અને ખામીમુક્ત |
| - ખામીભરી તાલીમ | મનોવૈજ્ઞાનિક અને વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવી |

- દોષ :- દૃષ્ટિફલક (નેત્રગતિ)માં ખામી

| કારણ | ઉપાય |
|---|---|
| - સ્નાયુમાં ખામી | દાકતરની સલાહ |
| - શબ્દો પર આંગળી મૂકી વાંચવાની ટેવ | તે ટેવ છોડાવવી |

● દોષ :- અશુદ્ધ ઉચ્ચારણ

| કારણ | ઉપાય |
|---|---|
| - દૃષ્ટિ દોષ | ચશ્મા કે દાકતરની સલાહ |
| - પાઠ્ય સામગ્રી કઠિન | વિષયવસ્તુ કક્ષામુજબ અને ખામીમુક્ત |
| - શારીરિક ખામી | ખામીદૂર કરવા પ્રયત્ન કરવો |
| - સાચાઉચ્ચારણના જ્ઞાનનો અભાવ | માર્ગદર્શન આપવું |



● દોષ :- અર્થગ્રહણમાં મુશ્કેલી

| કારણ | ઉપાય |
|---|---|
| - ઓછું શબ્દભંડોળ | શબ્દકોશનો ઉપયોગ |
| - અનુભવ અને અભ્યાસનો અભાવ | અભ્યાસ અને વાચન માટે પ્રેરણા આપવી |

- દોષ :- શબ્દોને ધીમી ગતિએ વાચવા

| કારણ | ઉપાય |
|---|---|
| - દૃષ્ટિ ફલક ઓછું | દષિટ અંગેની ખામી દૂર કરવી. |
| - પાઠયસામગ્રી કઠિન | વિષયવસ્તુ કક્ષામુજબ અને ખામીમુક્ત |
| - વાચનનો મહાવરો ઓછો | વાચનનો મહાવરો કરાવવો |
| - એક જ સમયે વધુ પડતું વાચન | સતત લાંબો સમય વાચન કરાવવું નહિ |

- દોષ :- નવા અને અપરિચિત શબ્દો વાંચી ન શકવા

| કારણ | ઉપાય |
|---|---|
| - વાચન પદ્ધતિના મહાવરાનો અભાવ | પરિચિત શબ્દોની સાથે પરિચિત શબ્દો શીખવવા |
| - ઓછું શબ્દ ભંડોળ | વાચનનો મહાવરો આપવો અને શબ્દકોશનો ઉપયોગ કરાવવો |
| - સાચા ઉચ્ચાર અને ધ્વનિ અંગેની માહિતીનો અભાવ | શબ્દોના ધ્વનિના નમૂના આપવા |

# મૂકવાચન

અર્થ : મુદ્રિત કે  લેખિત ભાષા સંકેતોને ધ્વનિયુક્ત ઉચ્ચારણ સિવાય મનમાં વાંચવા .

મહત્ત્વ ;

- અર્થગ્રહણની ઝડપ અને ક્ષમતા વધે છે.
- વાચનમાં એકાગ્રતા અને પ્રવાહીતા આવે છે.
- સ્વઅભ્યાસની સફળતા વિકસાવી શકાય
- ફાજલ સમયનો સદ્ઉપયોગ કરી શકાય.
- નબળા વાચક પોતાની ગતિએ સિદ્ધિ મેળવી શકે.
- ઓછા શ્રમે વધુ લાભ.

# વાચનની ઝડપનું માપન

વાચનની કુલ ઝડપ  માપવા માટે

વાંચેલા કુલ શબ્દોને વાંચન માટે લાગેલા સમય  વડે ભાગો

જે જવાબ આવ્યો તેટલા શબ્દો પર મિનિટ વાંચનની ઝડપ



# લેખન તપાસણીમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી

- સારા હસ્તાક્ષરનાં લક્ષણો
- જોડણીની શુદ્ધતા
- વિરામચિહ્નો
- વાક્યરચના
- ફકરા
- હાંસિયો
- મૌલિકતા
- વિચારોની ક્રમિકતા
- શૈલીની પ્રવાહીતા
- કલ્પનાશક્તિનો વ્યાપ



# દશ્ય-શ્રાવ્ય સાધનો

## શ્રાવ્ય સાધનો

- રેડિયો
- ટેપરેકોર્ડર

## દશ્ય સાધનો

- ચિત્રો
- ચાટર્સ
- ફ્લેશકાર્ડ
- ભીંતપત્રો
- એપિડાયોસ્કોપ
- ફિલ્મ સ્ટ્રિપ્સ
- નમૂના

## દશ્ય-શ્રાવ્ય સાધનો

- ફિલ્મ
- ટેલિવિઝન
- કમ્પ્યૂટર

# માતૃભાષાના શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા

- જ્ઞાતા અને દાતા
- ભાષા શિક્ષણની પદ્ધતિઓનો જાણકાર
- અન્ય ભાષાઓનું સામાન્ય જ્ઞાન
- મનોવિજ્ઞાનનો જાણકાર
- સાહિત્યના વિવિધ પ્રકારોમાં રસ અને જ્ઞાન
- વ્યાકરણનું પર્યાપ્ત જ્ઞાન
- ઉચ્ચારશુદ્ધિ અને આકર્ષક અભિવ્યક્તિ
- કાવ્યશિક્ષણ પ્રત્યે સભાન
- પોતાના વિષય અને વ્યવસાય માટે ગૌરવ
- વિશેષ સંદર્ભોનો ખજાનો
- નવીન સંશોધનોમાં રસ
- સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવાની ક્ષમતા



# કાવ્ય શિક્ષણનાં સોપાનો

૧. વિષયાભિમુખ
૨. વિષયાંગની સ્પષ્ટતા
૩. કાવ્યનું આદર્શગાન
૪. કાવ્યનિરૂપણ
૫. કાવ્યની વિશેષતાઓ (રસાસ્વાદ)
૬. મૂલ્યાંકન
૭. સ્વાધ્યાય



# ૧. વિષયાભિમુખ

- કવિથી કોઈ કાવ્ય પ્રચલિત થયું હોય તો કવિનો પરિચય આપીને વિષાભિમુખ કરાવી શકાય
- સમાન કે વિરોધી ભાવની કાવ્યપંક્તિ દ્વારા
- સમાનભાવ ધરાવતી વાર્તા,ઘટના, બનાવ, પ્રસંગ લઈને...
- વર્તમાન પ્રસંગ કે ઘટના લઈને
- ભાવ તરફ દોરી જતી ચર્ચા યોજીને

# કાવ્ય ગાન

. . . .

. . . . . .

. . . . . .

- ગેય કાવ્યનું ગાન કરવું જ જોઈએ.
- અગેય કાવ્ય હોય તો તેનું આદર્શ પઠન કરવું જોઈએ.
- ગેય કાવ્ય હોય અને શિક્ષક ગાઈ ન શકતા હોય તો......
  - ટેપરેકોર્ડર દ્વારા સંભળાવવું
  - અન્ય વ્યક્તિ પાસે ગાન કરાવવું
- નોંધ ;- કાવ્યનું સુંદર ગાન જ કાવ્ય શિક્ષણનું મોટાભાગનું કામ પૂર્ણ કરે છે.

# કાવ્યનિરૂપણ

૧. કાવ્યને ગદ્યમાં ફેરવવાનો પ્રયત્ન ન કરો.
૨. કવિએ પોતાના કયા વિચારોની રજૂઆત કેવી રીતે કરી છે, તેની પર જ વધુ ધ્યાન આપો.
૩. શબ્દચિત્રો, કલ્પના, વર્ણન કે વિચારોને કેન્દ્રમાં રાખો.
૪. ચાવીરૂપ શબ્દો, અલંકારો તરફ ધ્યાન દોરવું અને તેનું મહત્ત્વ જણાવવું
૫. સંદર્ભ પંક્તિનો ઉપયોગ કરવો.
૬. મહત્ત્વની પક્તિઓનું વારંવાર ગાન કરો.
૭. કવિના અનુભવ, સંવેદના, વિચારોને આધાર બનાવી કાવ્યના સૌંદર્યને પકડો.
૮. વિદ્યાર્થીઓને પોતાના વિચારો અને ભાવ દર્શાવવા માટે પ્રોત્સાહિત કરો.
૯. કાવ્યની સમગ્ર છાપ વિદ્યાર્થીના મનમાં ઉપસે તેવા પ્રયત્ન કરો.

# કાવ્યની વિશેષતાઓ

૧. કાવ્યની વિશેષતાઓ નક્કી કરો અને વિદ્યાર્થી સાથે તેની ચર્ચા કરો.

૨. કાવ્યમાં વપરાયેલ શબ્દો જ કેમ ? કેમ તેનો પર્યાયી શબ્દ નહીં ?

૩. કાવ્યમય ભાષામાં રજૂઆત કરવાથી શું ફાયદો થયો છે તે વિચારો

૪. વ્યાકરણના નિયમોનો ભંગ થવાથી કાવ્યને શું સૌંદર્ય પ્રાપ્ત થયું ?

૫. પ્રાસ કે છંદ કાવ્યને કેવુ સ્વરૂપ આપે છે ? તે દર્શાવો.

૬. કાવ્યનો હેતુ રસાસ્વાદ અને આનંદ સાથે કવિની સંવેદના છે, તે ધ્યાનમાં રાખો

# મૂલ્યાંકન અને સ્વાધ્યાય

- મૂલ્યાંકન
  - કાવ્યનું મૂલ્યાકન બને ત્યાં સુધી ગાન કરીને જ કરાવો.
  - કાવ્યની વિશેષતાાે શોધવાનું પણ કહી શકાય
  - શબ્દચિત્રો કે કલ્પના ચિત્રોની નોંધ કરવાનું કહી શકાય
- સ્વાધ્યાય
  - પ્રશ્નોના જવાબ લખી લાવવાનું કામ ન સોંપો.
  - સમાન કે વિરોધી ભાવ ધરાવતી કૃતિઓ વાંચવાનું જણાવો.
  - આ જ કવિની અન્ય કૃતિઓ વાંચવાનું કહો.
  - અન્ય કવિની સમાનભાવ ધરાવતી કૃતિ વાંચવાનું કહો.